# Bi 121-OLD TESTAMENT

## પાઠ : ૨૬ મુલાકાત મંડપ (નિર્ગમન અધ્યાય ૩૩-૩૪, ૪૦)

વિશ્વાસીઓનાં જીવનમાં કઈ ચીજ ખુબ મહત્વની છે ? આરાધનાનું સ્થાન ?એવા વિશ્વાસી લોકો કે જેઓની સાથે આરાધના થઈ શકે ? કોઈ વ્યકિત કે જે આરાધના ચલાવી શકે અને શીખવી શકે ?

આ પાઠમાં આપણે એ શીખીશ, કે, મુસા તે વસ્તુ જાણતો હતો કે જેના વગર લોકો આત્મિક રીતે રહી શકે નહિ કે વૃધ્ધિ પામી શકે નહિ. કેમકે ઈસ્રાએલી લોકોએ સોનાનાં વાછરડાની આરાધના કરી તેથી મુસાએ દેવની તથા લોકોની વચમાં મધ્યસ્થતા કરી. એટલે સુધી કે તેણે પોતાનું નામ જીવનનાં પુસ્તકમાંથી કાઢી નાંખવા માટે દેવને કહયું, તો પણ દેવે મુસાને શિક્ષા કરી નહિ પરંતુ જેઓએ પાપ કર્યું હતુ તેઓ પર તેમણે આફત મોકલી.

અને દેવે મુસાને કહયું, "આ જગ્યા છોડીને જે વચનનો પ્રદેશ તમને આપવાનું મેં કહયું છે તેમાં જાઓ. તે તો દુધ-મધની રેલમછેલવાળો દેશ છે. તમારા શત્રુઓને કાઢી મુકવા સારુ તમારી આગળ હું મારા દુતને મોકલુ છું. તો પણ હું તમારી સાથે નહિ આવું, કેમકે તમે કઠણ હૃદયનાં લોકો છો તેથી માર્ગમાં તમારો નાશ થાય. આથી મુસા તળેટીમાં ગયો અને લોકોને કહયું કે "દેવ તમારી સાથે રહેશે નહિ". આથી ઈસ્રાએલી લોકો ભાંગી પડયાં અને રડયા. તેઓ એ બાબતથી દુ:ખી થયા કે, તેઓનાં પાપની તેમણે ભારે કિંમત ચુકવવી પડી. મુસા છાવણીની બહાર નિકળ્યો અને જેમ પહેલા કરતો હતો તેમ મુલાકાત મંડપમાં દેવની સાથે વાત કરી. જયારે મુસા મંડપમાં દાખલ થતો ત્યારે ઘાડુ વાદળ પ્રવેશ દ્વાર પર છવાઈ જતું અને મુસા દેવની સાથે મોઢા મોઢ વાત કરતો. જયારે લોકો પોતાનાં તંબુ પાસે ઉભા રહીને દેવની આરાધના કરતા. મુસાનો જુવાન મદદગાર યહોશુઆ પણ તંબુમાં રહેતો અને મુસાએ દેવને વિનંતી કરી કે, "જો તું મારુ નામ જાણે છે અને મારાથી ખુશ છે તો મને તારા માર્ગો શીખવ. આ પ્રજા તારા લોક છે. જો તારી હાજરી અમારી સાથે ન હોય તો અમને અહિથી ન લઈ જા. જો તું અમારી સાથે ન આવે તો અમારામાં તથા પૃથ્વીનાં અન્ય લોકોમાં કોઈ તફાવત રહેશે નહિ. મુસા માર્ગમાંની આપત્તિઓ વિશે જાણતો હતો કે જેમાં દેવ વિના આગળ વધવુ શકય ન હતુ. જયારથી તેઓ મિસરમાંથી નિકળ્યા ત્યારથી ઈશ્વરની હાજરી તેઓની સાથે હતી. તે દિવસે મેઘસ્તંભ અને રાત્રે અગ્નિસ્તંભ દ્વારા દર્શાવાતી. અને દેવે મુસાને કહયું તે મને કહયું છે તે બધુ હું તારે સારુ કરીશ. હું તારાથી ખુશ છું અને હું તને તારા નામથી જાણું છું.

પછી દેવે મુસાને બે શિલા પાટીઓ કોતરી કાઢીને સિનાઈ પહાડ ઉપર તેને લઈ આવવા જણાવ્યું. જેથી તૂટી ગયેલી શીલા પાટીનાં શબ્દો તેમાં ફરી વખત લખવામાં આવે. દેવ વાદળામાં ઉતર્યા અને પોતાનું ચારિત્ર્ય તેમણે દર્શાવ્યુ. હું મહાન'હું છું' : અને તેણે કહયું હું

યહોવા દયાળુ તથા કૃપાળુ ગુસ્સો કરવામાં ધીમો અનુગ્રહ તથા સત્યથી ભરપુર એવો દેવ છું. આ મારો કરાર તમારી સાથે છે. મોટા ચમત્કારો દ્વારા કનાન દેશમાંના અવિશ્ર્વાસી રાષ્ટ્રોને હું કાઢી મુકીશ. પરંતુ તમે ચોકક્સ પણે મારી આજ્ઞાઓ પાળો, તેઓનાં દેવોની આરાધના ન કરો. તેઓની વેદીઓ તમે તોડી પાડો.કેમકે માર્ માન કોઈ બીજાને આપવા ન દઉં તેવો હું દેવ છું." (નિર્ગમન ૩૪:૬-૧૪).

મુસા પર્વત પર રહીને દેવે આપેલા નિયમો તથા આજ્ઞાઓને લખી રહયો. બે શીલા પાટીઓ ઉપર તેણે ૧૦ આજ્ઞાઓ લખી. તે ત્યાં ૪૦ દિવસ રહયો પણ કંઈ ખોરાક કે પાણી તેણે લીધા નહિ. ત્યારબાદ દેવે આપેલી આજ્ઞાઓ લઈને તે તળેટીમાં ઉતર્યો. તે જાણતો ન હતો કે દેવની હાજરીમાં વિતાવેલા સમયને કારણે તેનો ચહેરો પ્રકાશતો હતો. તેનાં ચહેરાનો પ્રકાશ જોઈએ ઈસ્રાએલીઓ ડર્યા. આથી મુસાને તેમણે કહયું કે, તું તારા મુખ પર પડદો પાડ અને પછી અમારી સાથે બોલ. પરંતુ જયારે તે દેવની હાજરીમાં જતો ત્યારે તે મુખપટ કાઢી નાંખતો. મુસાએ તેમને જણાવ્યું કે, દેવે આજ્ઞા આપી છે કે, તેને મળવા સારુ એક જગ્યા તેઓ બાંધે કે જેને 'મુલાકાત મંડપ' તરીકે ઓળખવામાં આવે. દેવે તેઓને વચન આપ્યુ કે, તે ઈસ્રાએલીઓ મધ્યે ત્યાં રહેશે. જેઓ દેવને અર્પણ આપવા સારુ ઈચ્છા ધરાવતા તેઓ સોનુ, રૂપુ, પિત્તળ ચોકક્સ પ્રકારનું રૂ, સુંદર કાપડ, જૈતુન તેલ, મસાલા તથા મુલ્યવાન રત્નો લઈને આવતા. જેઓ કુશળ કારીગર હતા તેઓને બોલાવવામાં આવ્યા અને તેઓએ પોતાની જાતને મુલાકાત મંડપ બનાવવા સારુ અર્પણ કરી. અને તેની આસપાસ વાડો, વેદી, પિત્તળનું પાત્ર તેમજ મંડપ માંનું રાચરચીલુ બનાવ્યા. બીજા દિવસથી મુલાકાત મંડપને સારુ જરુરી વસ્તુઓ લઈને લોકો આવ્યા. કુશળ કલાકારો, ગુંથણી કરનાર, કોતરણી કામ કરનારાઓએ અને કુશળ બાંધકામ કરનારાઓએ કાર્યનો આરંભ કર્યો. દેવે બે કુશળ કારીગરો બઝાલએલ તથા આહોલીઆબને પસંદ કર્યા અને તેમને કુશળ કારગરીનાં આત્માથી ભર્યા. રોજ બરોજ લોકો મુસાની પાસે સોનુ, સોનાનાં ઘરેણાઓ, ચાંદી, પિત્તળ તથા મુસાએ જણાવેલી બાબતો લાવ્યા. તે એટલે સુધી થઈ રહયું કે, મુસાએ કહયું હવે અર્પણો લાવશો નહિ કેમકે તે જરૂર કરતા વધારે હતુ. જે પ્રમાણે દેવે મુસાને કહયું હતુ તે પ્રમાણે મુલાકાત મંડપ તેઓ પુષ્કળ ચોકસાઈથી બનાવતા હતા. દેવે તેઓને જ્ઞાન, કુશળતા તથા દરેક પ્રકારની યોગ્યતાથી ભર્યા કે જેથી તેઓ ઉત્તમ કારીગરી કરી શકે. તેઓ ગુંથણી કરનાર તથા ઉત્તમ પ્રકારનાં વસ્ત્રો બનાવનાર હતા.

મુલાકાત મંડપનાં પડદાઓ નીલ તથા જાંબુડા તથા કિરમજી રંગના તથા ઝીણા કાંતેલા શણનાં તથા નિપુણ કારીગરની કારીગરીના કરુબોવાળા હતા તેમણે ૧૦ પડદાનો મંડપ બનાવ્યો. મંડપ ઉપર તંબુ બનાવવા માટે બકરાનાં વાળના પડદા બનાવવામાં આવ્યા. અને તંબુ ને સારુ મેંઢાનાં રાતા રંગેલા ચામડાનું આચ્છાદન બનાવ્યું અને તે ઉપર સીલ માછલીનાં ચામડા નું આચ્છાદન બનાવ્યું. તેણે મંડપને સારુ બાવળનાં લાકડાનાં પાટીયા વહેરાવ્યા તે પાટીયાંને

સોનાથી મઢયાં. તેણે બાવળનાં લાકડાનાં ચાર સ્તંભો બનાવ્યા અને તેઓને સોનાથી મઢયાં. તેઓનાં આકડાં સોનાનાં હતા અને તેઓને સારુ રૂપાની ચાર કુંભીઓ ઢાળી. તંબુને બે ભાગમાં વહેંચવામાં આવ્યો હતો. એક પરમ પવિત્ર સ્થાન અને બીજુ પવિત્ર સ્થાન.

પહેલા ભાગમાં દીવી, મેજ તથા અર્પિત રોટલી હતા. તેને 'પવિત્ર સ્થાન' કહેતા હતા. પડદાની પાછળ બીજો ભાગ હતો તેને પરમ 'પવિત્ર સ્થાન' કહેતા. તેમાં સોનાનું ધુપપાત્ર તથા ચારે તરફ સોનાથી મઢલી કરારની પેટી હતી. તે પેટીમાં માન્નાથી ભરેલું સોનાનુ પાત્ર, હારૂન ની કળી ફુટેલી લાકડી તથા કરારનાં શીલાપટ હતા. અને તેના પર મહિમા દર્શક કરુબો હતા. જેની છાયા દયાસન પર પડતી.

સોનાના ધૂપપાત્રમાં દેવને સારુ ધૂપ બાળવામાં આવતો. દરેક રાચરચીલું સોને મઢેલું હતું. સાક્ષ્યકોષને નીચે સોનાની કડાઓ હતી કે જેથી તેમાં થાંભલા નાંખીને ઉંચકી શકાય, જેથી આસપાસની વસ્તુઓને અડયા વગર તેઓ તેને ઉપાડી શકે.

મંડપનું આંગણુ કુશળ કારીગરીથી ગુંથેલા પડદાનું હતુ કે જે ૨૩ × ૪૬ મીટર (૭૫ × ૧૫૦ ફુટ) જેટલું હતુ. આંગણામાં પિત્તળની વેદી હતી. જયાં બલિદાન આપવા માં આવતુ હતુ. વળી ત્યાં પિત્તળનું પાત્ર હતુ કે જયાં યાજકો પવિત્ર સ્થાનમાં જતા પહેલા હાથ અને પગ ધોતા. દેવે આપેલી આજ્ઞા પ્રમાણે હારૂન યાજક તથા તેના દિકરાઓને સારુ પણ ખાસ વસ્ત્રો બનાવવામાં આવ્યા.

મિસરથી નિકળ્યાના બે વર્ષ બાદ મુલાકાત મંડપની રચના થઈ. મુસાએ આ કાર્ય નિહાળ્યુ અને જોયુ કે, જે પ્રમાણે દેવે તેમને આજ્ઞા આપી હતી તે પ્રમાણે જ તેઓએ તે બનાવ્યું હતુ. મુસાએ અભિષિકતનાં તેલથી દરેક વસ્તુઓનો અભિષેક કર્યો. તે દરેક વસ્તુઓ દેવને સારુ પવિત્ર હતી. ત્યાર દેવની હાજરી ઘાડાં વાદળ સ્વરૂપે તંબુ પર છવાઈ ગઈ. લોકોએ જોયું કે દેવની હાજરીથી મુલાકાત મંડપ ભરાઈ ગયો. તે દિવસથી માંડીને તેઓની મુસાફરી દરમિયાન જયારે પણ મુલાકાત મંડપનાં તંબુ ઉપરથી મેઘ ઉંચકાતો ત્યારે ઈસ્રાએલ પુત્રો મુસાફરી કરતા. પણ જો મેઘ દેખાય તો તેઓ આગળ વધતા નહિ. આ રીતે ઈસ્રાએલનાં ઘરનાઓની દ્રષ્ટિમાં દિવસે તથા રાત્રે તંબુ ઉપર મેઘ તથા અગ્નિ જોવા મળતા.

આ વાતમાંથી એ મહત્વ ઉપસી આવે છે કે, જો વિશ્વાસીઓનાં જીવનમાં પાપ ની કબુલાત કરવામાં ન આવે તો ઈશ્વરની હાજરી તેમનાં જીવનોમાંથી ચાલી જાય છે. જો ઈશ્વરની હાજરી આપણી સાથે ન હોય તો આપણાં શત્રુઓ સામે આપણે હાર પામીશું.

આ વાત એ સચ્ચાઈ દર્શાવે છે કે, જો આપણે તેની આરાધના કરીએ તો તેની હાજરી આપણા મધ્યે છે એમ સાબિત થાય. એજ માત્ર જરૂરી નથી કે, આપણે દેવને સારુ કે બીજાઓને માટે કંઈ કરીએ.

આ પાઠનું પુનરાવર્તન કરતા નીચેનાં પ્રશ્નોનાં જવાબ આપો.

પ્ર.૧ શા માટે દેવે એમ કહયું કે તેઓ લોકો સાથે કનાન દેશમાં નહિ જાય ?

(જ) ( ૫ સેકંડ થોભો) જો તમારો ઉત્તર છે કે, ''દેવે કહયું કે, જો હું એક ક્ષણ પણ આ હઠીલી પ્રજા વચ્ચે રહ્ તો શકય છે કે હું તેનો નાશ કરું ''- તો તમે સાચા છો.

પ્ર.૨ મુસાએ એ કઈ બાબત વિશે જાણ્યુ કે જે ઈસ્રાએલ માટે અત્યંત જરૂરી હતી ?

(જ) ( ૫ સેકંડ થોભો) જો તમારો ઉત્તર છે કે, ''મુસાએ કહયું જો દેવની હાજરી અમારી સાથે ન હોય તો બીજાઓ કરતા અમે કોઈ પણ રીતે જુદા પડતા નથી.'' - તો તમે સાચા છો.

પ્ર.૩ મુલાકાત મંડપ બનાવ્યા પછી દેવ ઈસ્રાએલ પુત્રોની સાથે કેવી રીતે રહેતા હતા ?

(જ) ( ૫ સેકંડ થોભો) જો તમારો ઉત્તર છે કે, ''મુલાકાત મંડપ દ્વારા. જયારે મેઘ મુલાકાત મંડપ ઉપરથી ઉઠતો ત્યારે ઈસ્રાએલ પુત્રો મુસાફરી કરતા પણ જો મેઘ મુલાકાત મંડપ ઉપર છવાયેલો જોવા મળે તો તેઓ જયાં હોય ત્યાં જ રહેતા''- તો તમે સાચા છો.

આ વાત દવારા તમે તમારા મિત્રને જણાવો કે, શુ તેઓએ ઈશ્વરની હાજરીને તેઓમાં અથવા જયાં ખ્રિસ્તીઓ ભેગા થાય છે ત્યાં અનુભવી છે ? તેઓને કહો કે ઈસુએ વચન આપ્યું છે કે તેઓ આપણી સાથે સદા રહેશે. જોકે હવે આપણે વાદળ કે અગ્નિ ઈસ્રાએલી લોકોની માફક જોતા નથી તો પણ તેની હાજરી આપણે અનુભવી શકીએ છીએ.

આ અભ્યાસને તમે ત્રણ વખત સાંભળો તે તમારૂ ગૃહકાર્ય છે. તમારા મનથી દરેક પ્રસંગો વિચારો ત્યાર બાદ જે તમને યાદ રહયુ તે તમારા શબ્દોમાં વર્ણવો. આ ઘટનાઓ અને બનાવોને સાચી રીતે બીજાને કહી શકો ત્યાં સુધી બરાબર સાંભળો. લગભગ ૪૫ મિનિટ સુધી આ સાંભળવાનું ચાલુ રાખો. તમે કોઈક વ્યકિતને આ બાબત કહી શકવા માટે બીજા વ્યકિતની તમને જરૂરત પડશે. પુનરાવર્તનનાં પ્રશ્નો તમારા મિત્રોને પુછો અને સાંભળ્યા પછી તેમના જવાબો આપો.

**પરમ પવિત્ર સ્થાનમાં સાક્ષ્ય મંડપમાં એક લાકડાની પેટી જે અંદર બહાર સોનેથી મઢેલી હતી તે મુકી. સાક્ષ્ય કોષને બે સોનાનાં બનાવેલા કરુબીમની પ્રસારેલી બે**

પાંખો વડે ઢાંકવામાં આવતી હતી. સાક્ષ્ય કોષમાં ૧૦ આજ્ઞાઓની શીલા પાટીઓ હ
તી. અંદરનાં ભાગને છુટ્ટો પાડવા માટે પડદો હતો. પવિત્ર સ્થાનમાં